# Atmaj

# Academic Research Journal

An International Peer-Reviewed Research Journal

ISSN: 2348 - 9456

Impact Factor 3.745



Volume-VII, Issue -I JAN. -JUN - 2017

Editor-In-Chief

Dr. Dilkhush Patel

Scanned with CamScanner

[redacted]

## Editor – in - Chief

Dr. Dilkhush U. Patel
Principal
V.N.S. Bank Ltd. Arts and Commerce College
Vadnagar 384355

[redacted]

Dr. Dilkhush U. Patel
Chief Editor & Publisher
Vadnagar
Gujarat (India)

[redacted]

Dr. Hanif G. Nandoliya
Assistant Professor and Head
Department of Psychology
V.N.S. Bank Ltd. Arts and Commerce College

Prof. Tushar Brahmbhatt
Department of English
V.N.S. Bank Ltd. Arts and Commerce College

[redacted]

Dr. D. G. Vediya
Retd. Professor and Head
Department of Sanskrit and Bharatiya Vidya
Hemchandracharya North Gujarat University, Patan

Dr. M. J. Viradiya
Department of Sanskrit
Smt. A. P. Arts and N. P. Patel Commerce College, Naroda

Dr. D. B. Rathva
Professor and Head
Department of Sanskrit and Bharatiya Vidya
Hemchandracharya North Gujarat University, Patan



Scanned with CamScanner

# Content of the Table


| Sr. No. | Title of the Paper | Author | Page No. |
|---|---|---|---|
| 1 | TREND ANALYSIS INTHE BHUJ MERCANTILE CO-OPERATIVE BANK LTD.(BMCBL) WITH REFERENCE TO TOTAL DEPOSIT | Dr. Laitbhai Parmar | 01 |
| 2 | DIGITAL INDIA AND ITS IMPACT | Pro. P.R.Patel | 04 |
| 3 | A Face of Sectarianism in India | Ankurkumar P. Patel | 08 |
| 4 | IMPACT OF YOGA ON GLOBALIZATION | Chandresh Chaudhari | 12 |
| 5 | प्राचीन भारत में कृषिविज्ञान | डॉ. एल. एम. पटेल | 15 |
| 6 | भगवान् शिव का मूर्तिविधान | डॉ. रीटा एच. पारेख | 18 |
| 7 | ઋગ્વેદમાં નિરૂપિત રાષ્ટ્રીય એકતા અને અખંડતાના આધારસ્તંભ | પ્રા. ડૉ. સનત બી. જોશી | 21 |
| 8 | વીરાંગના મહારાણી કૈકેયી : એક નવીન દૃષ્ટિકોણ | ડૉ. સુરેખા પટેલ | 24 |
| 9 | અથર્વવેદ : વિલક્ષણતા તેમજ કેટલાંક પ્રસિદ્ધ સૂક્તોનો રસાસ્વાદ | પ્રો. વીણા એસ. રાજ | 30 |
| 10 | ગુજરાતના ઇતિહાસ લેખનમાં પ્રો. એમ. એસ. કોમિસેરિયટનું પ્રદાન | ડૉ. ઉર્વી એ.ભાવસાર | 32 |
| 11 | પાટણના જૈન જ્ઞાન ભંડારો | સેજલ ચૌધરી | 36 |
| 12 | અણહિલપુર પાટણના વાડીપુર પાર્શ્વનાથ મંદિર | દેસાઈ હિતેશ અમરતલાલ | 40 |
| 13 | અણહિલપુર પાટણના જૈન સ્થાપત્યો | પ્રો.ભમરાજી ચમનાજી ચૌધરી | 43 |
| 14 | હિતોપદેશમાં નિરૂપિત નૈતિક મૂલ્યોની વર્તમાન સમયમાં ઉપાદેયતા | ડૉ. બી. જી. પટેલ | 45 |
| 15 | સોલંકીકાલીન ચોરપુર નગરની શિલ્પકલા અને સ્થાપત્યો | ચૌધરી અશ્વિનકુમાર જે. | 50 |
| 16 | ગુજરાત સાહિત્ય અકાદમી' વિશે | રાઠોડ પ્રેમસિંહ ડી. | 54 |
| 17 | કવિ સુંદરમ્‌ની વાર્તાકલાનું શ્રેષ્ઠ ઉદાહરણ 'ખોલકી' | પટેલ અર્ચનાબેન એ. | 58 |




Scanned with CamScanner

Volume – VII, Issue – I, Jan.-Jun - 2016

ISSN: 2348-9456
Impect Factor : 3.015

# વીરાંગના મહારાણી કૈકેયી : એક નવીન દષ્ટિકોણ

ડૉ. સુરેખા પટેલ
જી.ડી.મોદી આર્ટ્સ કોલેજ,પાલનપુર

આપણા ગૌરવપૂર્ણ રામાયણકાલીન વૈભવ અને સમુજ્જવલતાની સૂત્રધાર પરમ વિદુષી વીરાંગના માતા કૈકેયી ઈતિહાસનાં તે નિર્મળ ચરિત્રોમાંનું એક છે, જે સદીઓથી ઉપેક્ષિત રહ્યુ છે, એટલું જ નહિ તેને અકારણ જ કલંકિત બનાવી દીધું છે. આદિકવિ મહર્ષિ વાલ્મીકિના રચનાના આધાર અને પ્રમાણો આપણને દેવી કૈકેયીની મહાન દૂરંદેશિતા, કુશળ રાજનીતિજ્ઞ અને વિશિષ્ટ ત્યાગનો પરિચય આપે છે. જો કે જનમાનસ કૈકેયીની સ્તુતિ માટે એક શબ્દ પણ સાંભળવા તૈયાર નથી અર્થાત્ ટેવાયેલ નથી. આ પાત્રને ઉપેક્ષા અને ઘૃણાની દષ્ટિએ જોવામાં આવે છે.

કૈકેયી એક વીરાંગના રાજરાણી, પતિપરાયણ, કુશળ રાજનીતિજ્ઞ ઉપરાંત અન્ય સારા ગુણો ધરાવનારી સ્ત્રી હતી. છતાં તે માત્ર બની ગઈ પતિની હત્યારી, કુળને કલંકિત કરનારી, સ્વાર્થી વગેરે. કૈકેયીનું આ પાત્ર એવું છે કે જેને માનવતાના સામાન્ય સ્તરથી પણ નિમ્નકોટિનું ઉપસાવાયું છે.

ત્રેતાયુગના અંતિમ ચરણમાં ઈક્ષ્વાકુ વંશીય રાજપરંપરામાં સરયૂ નદીના કિનારે કૌશલ નામના દેશની અયોધ્યા નગરીમાં મહારાજ દશરથ રાજા રાજ્ય કરતા હતા. અયોધ્યાનું શાસન ચક્રવર્તી રાજ્ય હતું. જેની અંતર્ગત અનેક દેશોમાં રાજાગણ પોત-પોતાના ક્ષેત્રમાં રાજકાર્ય ચલાવતા હતા. આ અયોધ્યામાં મહારાજા દિલીપ, ભગીરથ, અજ પછી શાસનભાર મહારાજા દશરથ ઉપર આવ્યો હતો.

મહારાજ દશરથને કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી એમ ત્રણ રાણીઓ હતી. (કૌશલનરેશની પુત્રી કૌશલ્યા સૌથી મોટી રાણી હતી. મગધ નરેશની પુત્રી સુમિત્રા વચેટ અને કૈકેય દેશના પરમ ધાર્મિક મહારાજ અશ્વપતિની પુત્રી કૈકેયી સૌથી નાની રાણી હતી.) કૈકેયી, પરમ ધાર્મિક, બુદ્ધિશીલ અને ચતુર રાજનીતિજ્ઞ હતી. 'તેની યોગ્યતા ઉપર મુગ્ધ થઈને મહારાજ દશરથે પોતાના સસરા કૈકેયરાજની વિનંતીનો સ્વીકાર કર્યો હતો કે કૈકેયીથી જન્મનાર પુત્ર અયોધ્યાનો ઉત્તરાધિકારી બનશે.'[1] જ્યારે ભરત મોસાળથી પાછો ફર્યો અને અયોધ્યાવાસીઓની સાથે રામને વનમાંથી અયોધ્યા પાછા લાવવા માટે પ્રસ્થાન કરવાના હેતુથી ચિત્રકૂટ પહોંચ્યા તે સમયે સ્વયંશ્રી રામચન્દ્રે કૈકેયી સાથે વિવાહ સમયે મહારાજ દશરથ દ્વારા કૈકેયરાજ સમક્ષ કૈકેયીથી થનાર પુત્રને રાજગાદી આપવાનો સ્વીકાર ભરત સમક્ષ તે સમયે પ્રગટ કર્યો હતો. શ્રીરામ, ભરતને પોતાનો આગ્રહ (અયોધ્યા પાછા લઈ જવા અંગેનો)ત્યજવા બાબતે સમજાવતાં કહે છે – 'સન્માનીય રાજા દશરથ તથા માતા કૈકેયીના પુત્ર હોવાને કારણે અત્યાર સુધી જે વાતો તેં કહી તે બધી યોગ્ય છે. હે ભાઈ ! પિતાજીએ જ્યારે તમારી માતા સાથે પાણિગ્રહણ કર્યું, તે વખતે તમારા નાના (માતાના પિતા) સાથે પ્રતિજ્ઞા કરી હતી કે કૈકેયીથી જે પુત્ર ઉત્પન્ન થશે તે રાજ્યનો અધિકારી થશે.' (અર્થાત્ કૈકેયીની કૂખેથી જન્મનાર પુત્ર જ રાજ્યનો અધિકારી થશે,' આ બાબત વિવાહના શુલ્કરૂપે કૈકેયીના પિતાએ માગણી કરી અને રાજા દશરથે સ્વીકાર્યું હતું.

ચક્રવર્તી સામ્રાજ્ય જ્યારે સંકટમાં ઘેરાયેલું હતું, તે સમયે તેના ઉપાયરૂપે બહુ સૂઝપૂર્વક દેવોની હાજરીમાં બનાવેલી યોજના અનુસાર રામ માટે વનવાસની માગણી વખતે કૈકેયી, મહારાજ દશરથને દેવાસુર સંગ્રામની ઘટનાનું સ્મરણ કરાવતાં કહે છે –'હે રાજન્ ! પહેલાં દેવાસુર સંગ્રામમાં બનેલી ઘટના યાદ કરો. તેમાં શત્રુઓએ તમને ઘાયલ કરીને પરાક્રમહીન બનાવી દીધા હતા. તમારા માત્ર પ્રાણ જ બાકી હતા. હે દેવ ! તે વખતે (રાતભર) જાગીને આપની પ્રાણ રક્ષા માટે સારથિ બનીને પ્રયત્ન કરતી, મારા દ્વારા રક્ષિત એવા આપે મને (બે) વરદાન આપ્યાં હતાં. હે દેવ, પૃથ્વીપતિ ! તમે આપેલાં તથા આપની પાસે ધરોહરરૂપે રાખેલાં તે બંને વરદાનનું સ્મરણ કરાવું છું.'[3]

મહર્ષિ વાલ્મીકી કૃત રામાયણની પૃષ્ઠભૂમિ અને ત્યાં કરેલાં વર્ણનોના સંદર્ભે આપણને એવું સ્વીકાર્ય નથી કે કૈકેયીની દૂરંદેશિતાને કારણે વલ્કલ વસ્ત્રોમાં રામને વનમાં મોકલવામાં આવ્યા. કૈકેયીના દેવાસુર સંગ્રામ સમયથી જ વિશ્વામિત્ર સહિત તત્કાલીન દેવો (બ્રાહ્મણો, ઋષિમુનિઓ)થી પરિચિત હોવાને લીધે પરિણામ સ્વરૂપ જ તે વીરાંગના મહારાણી કૈકેયીની સાથે મળીને રાષ્ટ્રના રક્ષણ અર્થે દેવો દ્વારા અત્યંત દૂરંદર્શિતાથી બનાવેલી યોજના અનુરૂપ જ બધું થયું. જેમકે -'સમગ્ર રાજપરિવારની સાથે રામને અયોધ્યા પરત ફરવા રાજી કરવા ગયેલા ભરતને માર્ગમાં, મુનિ ભરદ્વાજ માતાઓનો પરિચય કરાવવામાં કૈકેયી પ્રત્યે નિરાદર ભાવ પ્રદર્શિત કરતાં, તેને ટોકતાં, મુનિ ભરદ્વાજના આ શબ્દોમાં દેવોની યોજનાનો સંકેત દેખાય છે –'હે ભરત ! તારે કૈકેયી ઉપર દોષારોપણ ન કરવું જોઈએ. કારણ કે શક્ય છે કે રામનું વનગમન પરિણામમાં સુખકારી હોય ! રામચન્દ્રના વનવાસથી દેવો,



Scanned with CamScanner